## નિવેદન...

માનવજાતને આદિકાળથી આજ લગી વાર્તાનું પ્રબળ આકર્ષણ રહ્યું છે. માનવ વાર્તાભૂખ્યો છે, જેથી જૂના સમયથી વાર્તાની ઉત્પત્તિ સુલભ છે. માનવને વાર્તા સાંભળવી અને વાંચવી ગમે છે. એ રીતે મને પણ વાર્તામાં પહેલેથી જ રસ-રુચિ છે. નાનપણમાં મારી મા પાસેથી વાર્તાઓ સાંભળવાની ખૂબ મઝા આવતી. અભ્યાસકાળ દરમિયાન વિદ્યાલયથી વિશ્વવિદ્યાલય સુધી જ્યારે જ્યારે વાર્તા ભણવાની આવી ત્યારે એમાં ઊંડો રસ પડ્યો છે; અને કેમ ના પડે?, કારણ કે મારા સદ્‌ભાગ્યે હું મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટીના ગુજરાતી વિભાગનો વિદ્યાર્થી હતો. આ વિભાગમાંથી તૈયાર થઈને ૧૯૯૨થી શ્રી કે.આર. દેસાઈ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઝાલોદમાં અધ્યાપક તરીકે જોડાયો. અધ્યાપક થયો એ પછી પણ જ્યારે વાર્તા ભણાવવાની આવી ત્યારે ખૂબ રસનો અનુભવ કર્યો છે. કહો કે બ્રહ્માનંદ સહોદર આનંદની પ્રાપ્તિ મને વાર્તાઓએ કરાવી છે. એક દિવસ ઝાલોદ કૉલેજમાં પદ્મશ્રી ડૉ. પ્રવીણ દરજીસાહેબનું વ્યાખ્યાન રાખેલું. ત્યારે સાહેબશ્રીને મેં ડૉ. નીતા ભગત મૅડમનો વિદ્યાર્થી છું, એવો પરિચય આપેલો ત્યારે ડૉ. પ્રવીણ દરજીસાહેબે મારી મનોભૂમિમાં પીએચ.ડી. કરવાનું 'બીજ' વાવેલું. જે થોડાં વર્ષો સુધી પોષાતું રહ્યું. એકવાર હું વડોદરા આવ્યો ને ગુજરાતી વિભાગમાં પ્રોફેસર ડૉ. નીતા મૅડમને મળ્યો ને પીએચ.ડી.ની વાત કરી. તેમણે સાહજિક રીતે કહી દીધું : 'શરૂ કરો.' અને મારી રસ-રુચિને ધ્યાનમાં રાખીને મને 'અનુ-આધુનિક ગુજરાતી ટૂંકી વાર્તામાં સમાજચેતના' (પસંદ કરેલી ગુજરાતી ટૂંકી વાર્તાઓનો સમીક્ષાત્મક અભ્યાસ) એવો વિષય સૂચવ્યો. વિષય નવો હતો એટલે મનમાં થયું, મુશ્કેલી પડશે. મૅડમ મારી મૂંઝવણ પામી ગયાં અને કહ્યું કે, હું તમારી સાથે છું. કોઈ પણ મુશ્કેલી પડે તો હું બેઠી છું. થોડી મહેનત પડશે પણ કામ સારું થશે. અને તારા જેવા વિભાગના તેજસ્વી વિદ્યાર્થીએ તો મહેનતમાં ખામી જ ન રાખવાની હોય. મંડી પડ્યો...

મેં સંશોધનકાર્ય શરૂ કર્યું ત્યારે સમજાયું કે, આધુનિકતાની જેમ અનુઆધુનિકતા એ પણ પશ્ચિમમાંથી આવેલો નવો વિચાર છે. પશ્ચિમની સાહિત્યવિભાવના ભારતીય સાહિત્ય વિભાવના / ગુજરાતી સાહિત્ય વિભાવના કરતાં જુદી છે. આપણે ત્યાં હાંસિયામાં ધકેલાયેલા માણસો કે સમાજો આ અનુઆધુનિકતાના કેન્દ્રમાં આવે છે. જ્યારે પશ્ચિમમાં દૈહિક શોષણથી નારીવાદ પ્રગટે છે અને રંગભેદની નીતિથી દલિત-પીડિત વાદ પ્રગટે છે. એટલે અનુઆધુનિક સાહિત્યમાં જે કંઈ પણ વિવેચન મળે છે તે પશ્ચિમની વિવેચનાને આધારે જ મળે છે. ગુજરાતી સાહિત્યમાં અનુઆધુનિકતા વિશે મોટા ભાગે આંગળીના વેઢે ગણી શકાય એટલું જ પ્રાપ્ત થાય છે. એટલે શોધનિબંધ તૈયાર કરવા માટે સમય અને ઘણી મહેનત લાગી છે. પશ્ચિમના અનુઆધુનિક સાહિત્યમાં પ્રગટેલાં કે દેખાયેલાં તત્ત્વો કે લક્ષણો ગુજરાતી સાહિત્યમાં ક્યાંયે જોવા મળતાં નથી. સામે પક્ષે, ગુજરાતી અનુઆધુનિક સાહિત્યમાં હાંસિયામાં ધકેલાયેલા લોકો કેન્દ્રમાં આવે છે. ભાષાની નવી તરાહો જેવી કે લોકબોલી, કલ્પન-પ્રતીકનો બાંધછોડ વિના પ્રયોગ કરવો, ભાષાની સરળતા અને વાસ્તવવાદી વલણ; આવાં તત્ત્વો મને મારા અભ્યાસ દરમિયાન ગુજરાતી સાહિત્યમાં જોવા મળ્યાં છે. મેં સંશોધનકાર્ય દરમિયાન ગુજરાતી-હિન્દી અને અંગ્રેજીમાં વિવિધ ગ્રંથોનો અભ્યાસ કર્યો - મનન કર્યું. મારાં માર્ગદર્શક પ્રોફેસર ડૉ. નીતા ભગત મૅડમનો હંમેશા એવો આગ્રહ કે સંશોધનમાં મૌલિકતાને જ પ્રાધાન્ય આપવું. અનુઆધુનિકતાના સંદર્ભે કોઈનાં અવતરણો ઉદ્ધૃત કરવા માગું તો તે પશ્ચિમની વિભાવનામાં જ બંધ-બેસતાં હોય, એટલે ટૂંકમાં કહું તો, સમગ્ર શોધનિબંધમાં સંશોધક તરીકે મેં મૌલિક

લખાણનો જ આગ્રહ રાખ્યો છે. અંગ્રેજી ગ્રંથો વગેરેને સમજવામાં જ્યાં જ્યાં મુશ્કેલી પડી ત્યાં ત્યાં મારાં માર્ગદર્શક પ્રોફેસર ડૉ. નીતા ભગત મૅડમ મારી મૂંઝવણોને દૂર કરતાં.

નાદુરસ્ત તબિયત હોય કે અતિવ્યસ્તતા હોય તો પણ, હું છેક ઝાલોદથી આવું છું એટલે મૅડમ ગમે તેવાં અગત્યનાં કામ હોય તો પણ બાજુ પર રાખીને મને માર્ગદર્શન આપતાં, મારા પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ લાવતાં; એટલું જ નહીં, ઘરે જઈએ એટલે એમનાં વયોવૃદ્ધ માતા-પિતાની સેવા કરતાં કરતાં પણ મારી સાથે શોધનિબંધની ચર્ચાઓ કરી છે. ...અને એમનો આતિથ્ય સત્કાર કહો કે વિદ્યાર્થી-પ્રેમ, ઘરે જાવ તો સ્વર્ગને ભુલાવે. કો'ક નસીબદારને જ આવાં આદર્શ અધ્યાપક સાંપડે. મને આવાં આદર્શ અધ્યાપક મળ્યાં તે મારું સદ્ભાગ્ય છે અને મને તેનું ગૌરવ છે.

મારાં માર્ગદર્શક ડૉ. નીતા ભગત મૅડમે નિષ્ઠા અને ખંતથી મને ઝીણવટપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેમનો હૃદયપૂર્વક આભારી છું. એમનો હું સદાયે ઋણી રહીશ. નીચેનું સુભાષિત એમને વંદન સાથે સમર્પિત...

***"ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિટે ન ભેદ,***
***ગુરુ બિન સંશય ના ટળે, ભલે વાંચો ચારોં વેદ."***

કેટલાંક હિતેચ્છુ મિત્રો : ડૉ. પુંડલિક પવાર-મોહનાબહેન, પ્રોફે. ડૉ. ભરત મહેતા-ડૉ. નિવ્યા પટેલ, પ્રોફે. ડૉ. દીપક રાવલ, ડૉ. ભરત પંડ્યા, પ્રોફે. ડૉ. રાજેશ પંડ્યા, ડૉ. દર્શિની દાદાવાલા, પ્રા. શકીલ કાદરી, ડૉ. મૌલિકા પટેલ, પ્રા. ઘનશ્યામ બારોટ-અમૃતાબહેન, પ્રા. શંકરભાઈ પ્રજાપતિ વગેરે અધ્યાપકમિત્રો તરફથી મળેલા સાથસહકાર અને સદ્ભાવનો હું આભારી છું.

મ.સ. યુનિવર્સિટીની હંસા મહેતા લાઈબ્રેરીના સ્ટાફનાં તમામ સભ્યોનો આભાર તથા વડોદરાની સૅન્ટ્રલ લાઈબ્રેરીના સ્ટાફનાં તમામ સભ્યોનો આભાર. ઝાલોદ કૉલેજ લાઈબ્રેરીના ગ્રંથપાલ ડૉ. પી.એમ. શેલક અને સ્ટાફનો આભારી છું.

પત્ની સોનલ સતત મીઠી ટકોર કરતી 'ક્યારે પૂરું થશે?' અને બાળકો મૌલિકા, કૃષ્ણા અને ઓમ સતત કૉમ્પ્યુટરની કે બીજી કામગીરીમાં સાથે ખભેખભા મિલાવીને રહ્યાં છે. તેમને ધન્યવાદ.

મ.સ. યુનિવર્સિટીની આર્ટ્સ, ફેકલ્ટીની ઑફિસના તમામ સભ્યો, યુનિવર્સિટીની હેડ ઑફિસના સર્વે અધિકારી સાહેબશ્રીઓ અને તમામ સભ્યોના સહકારને અહીં સ્મરું છું.

આમ, અહીં હું મારી મ.સ. યુનિવર્સિટીને, મારા ગુજરાતી વિભાગને, મારાં માર્ગદર્શક, વિભાગના સર્વ અધ્યાપકો, વિભાગાધ્યક્ષ સાહેબશ્રી, અન્ય વિભાગના મિત્રો, ગુજરાતી વિભાગના વહીવટી સ્ટાફ તથા મારાં સ્વજનોને મારા આ આનંદના અવસરે સહભાગી ગણું છું અને તેઓનો હું અંતઃકરણથી ઋણી છું.

તા. **રોહિતકુમાર ડી. કપૂરી**

સ્થળ : વડોદરા